## સે-૨૮ બગીચા પાસે મારૂતી વાનમાં શોર્ટસર્કીટ થતા દોડધામ

### સી.એન.જી. ગેસ જ ખાલી થઈ ગયેલો હોવાથી આગ દુર્ઘટના ટળી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ બગીચા પાસે ગઈ મોડી સાંજે મારૂતિ વાન ગાડીમાં અચાનક શોર્ટ સર્કીટ થતા ધુમાડા નીકળવા લાગ્યા હતાં. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા ફાયર ઓફીસર ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને સ્થિતિ કંટ્રોલમાં લઈ લીધી હતી. સદભાગ્યે વાનમાં સીએનજી ગેસ જ ખાલી હોવાથી આગ દુર્ઘટના પણ ટળી હતી.

સે-૨૮ બગીચા પાસે સ્થિત મધુર પાર્લરની સામે ગઈ મોડી સાંજે મારૂતિ વાનમાં એકાએક શોર્ટ સર્કીટ થવા પામી હતી. ગાડીમાંથી ધુમાડા નીકળવા લાગતા ચાલકે બ્રેક મારીને સાઈડમાં કરી દીધી હતી અને તાત્કાલીક ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ કરતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને શોર્ટ સર્કીટે આગનું સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ સ્થિતિ કાબુમાં લઈ લીધી હતી તે ઉપરાંત ગાડીમાં સીએનજી ગેસ ખાલી થઈ ગયેલો હોવાથી આગનું સ્વરૂપ તાત્કાલીક ધારણ થયું ન હતું. જેને લઈ કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી.

# ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ હજુ યથાવત

## મહત્તમ ગરમી ૩૮.૫ ડિગ્રી સે. નોંધાઈ : હજુ પણ નગરજનોને ડબલ સીઝનનો અનુભવ થઈ રહ્યો છે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૦

નવરાત્રીના અંતિમ ચરણથી ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ વધવા પામ્યો હતો અને આ ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધી સ્પર્શીને પાછો પડ્યો છે. આજે નગરમાં ગરમીનો મહત્તમ પારો ૩૮.૫ ડિગ્રી સેલ્શિયસ અને લઘુત્તમ ૨૨.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયો હતો. જેના કારણે ગરમીમાં રાહત મળી હોવા છતાં નગરજનોને હજુ ડબલ સીઝનનો અનુભવ યથાવત રહેવા પામ્યો છે.

હજુ પણ નગરમાં મહત્તમ અને લઘુત્તમ ગરમીના આંકમાં ૧૪ થી ૧૫ ડિગ્રી સેલ્શિયસનો તફાવત યથાવત રહ્યો છે. જેના કારણે નગરજનો બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે. જો કે ગરમીનો આંક ઘટવાની સાથે ધીમે દબાતે પગલે ઠંડી ઢુકડી આવી રહી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૯ ટકા હતી જે સાંજે ઘટીને ૪૩ ટકા થવા પામ્યું છે. આમ દિવસ દરમ્યાન વાતાવરણ લગભગ સુકુ રહ્યુ હતુ. જો કે ગરમીનો આંક નીચે ઉતરવાના કારણે નગરજનોએ આજે થોડી રાહત અનુભવી હતી. નગરની ગૃહિણીઓ અત્યારે દિવાળીની સાફ-સફાઈમાં વ્યસ્ત હોવાને કારણે આટલી ગરમી તેમના માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જો કે બપોરના સમયે આ ગરમીના કારણે મુખ્ય માર્ગો પર વાહન વ્યવહારનું પ્રમાણ ઘટી જતુ જોવા મળી રહ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



શરદ પૂનમના ગરબા : કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજ દ્વારા શરદ પૂનમની રઢીયાળી રાતે પરંપરાગત રાસ - ગરબાનું આયોજન કરાયું હતું. સમાજની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હવેલી મંદિર ખાતે શરદપૂર્ણિમા ઉત્સવ યોજાયો

હવેલી મંદિર, સેક્ટર-૨૧ ખાતે શરદપૂર્ણિમાની ઉજવણી કાર્યક્રમ વૈષ્ણવોને શીતળ ચાંદનીમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા બાદ રાસ-ગરબાની રમઝટ સાથોસાથ દૂધ-પૌંઆ, બટાટાવડાનો પ્રસાદ આરોગી સંપન્ન કરવામાં આવ્યો હતો. વૈષ્ણવ સમુદાયે મોટી સંખ્યામાં આનંદ માણ્યો હતો.

## આજે સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવમાં વિષ્ણુ યાગનું આયોજન

### સાંજે શ્રી થીયેટર દ્વારા 'પ્રેમરસ બરસે બ્રીજ મેં' નાટક રજૂ કરાશે : આવતી કાલે સત્સંગ અને લોકડાયરા દ્વારા દશાબ્દિ મહોત્સવનું સમાપન થશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સમદર્શન આશ્રમ દ્વારા હાલમાં દશાબ્દિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ દશાબ્દિ મહોત્સવમાં અનેક ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તા. ૧૧મી ઓકટોબરે સવારે ૮.૩૦ થી ૫.૩૦ વાગ્યા સુધી વિષ્ણુ યાગ અને સાંજે ૫.૩૦ વાગ્યાથી ૮ વાગ્યા સુધી નાટક 'પ્રેમરસ બરસે બ્રીજ મેં' નું આયોજન કરવામાં આવ્યુ છે.

છેલ્લા ૧૦ વર્ષથી ગાંધીનગરમાં પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતી દ્વારા ભગવદ ગીતા અને ઉપનિષદના ગહન રહસ્યોને ઉદઘાટિત કરી ભારતીય સંસ્કૃતિની ચેતના પ્રસરાવવાનું કાર્ય કરાઈ રહ્યું છે. તેઓ તેમની સતત સાધના વડે સમદર્શન આશ્રમને આધ્યાત્મિક ચેતનાના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં સફળ રહ્યા છે. આ સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવ અંતર્ગત આવતીકાલે વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શ્રી થિયેટર દ્વારા 'પ્રેમરસ બરસે બ્રીજ મેં' નાટક પણ પ્રસ્તુત કરવામાં આવનાર છે. આ દશાબ્દિ મહોત્સવનું તા. ૧૨મી ઓકટોબરે સમાપન યોજાશે.

## લાયસન્સ વગર ચાલતી ડોમીનોઝ પીઝા શૉપ પર એસઓજીનો દરોડો

### સે. ૧૧માં સ્થિત ડોમીનોઝ શૉપના સંચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર એસઓજીની ટીમે સેક્ટર-૧૧માં સ્થિત ડોમીનોઝ પીઝા સેન્ટર પર આકસ્મિક ચેકીંગ કર્યું હતું. ચેકીંગમાં આ હોટલ લાયસન્સ વગર જ ધમધમતી હોવાનું બહાર આવતા એસ.ઓ.જી.ની ટીમે તેના સંચાલક સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેક્ટર-૧૧માં સ્થિત ડોમીનોઝ પીઝા આઉટલેટનું સંચાલન હેમંત મહેન્દ્રભાઈ સુથાર કરે છે. સંચાલક હેમંત સુથારે હોટલ ચલાવવાનું લાયસન્સ જ ન લીધુ હોવાનું બહાર આવ્યું છે. ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે ગઈ સાંજે સે. ૧૧ ના ડોમીનોઝ પીઝા સેન્ટર પર આકસ્મિક ચેકીંગ કરીને તપાસ કરતા આ હોટલ લાયસન્સ વગર જ ધમધમતી હોવાનું બહાર આવ્યું છે. સંચાલક હેમંત સુથાર સામે ગાંધીનગર એસઓજીની ટીમે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે સે-૨-એમાં 'કરવા ચોથ'ની પૂજા માટે મહિલાઓ ઉમટી પડશે

### છેલ્લા ૧૧ વર્ષથી આયોજન કરાય છે : આકર્ષક ડેકોરેશન કરાશે : શ્રધ્ધાળુ મહિલાઓને કાલી દાલનો પ્રસાદ અપાશે

ગાંધીનગર, તા.૧૦

દેશભરમાં શનિવારે કરવા ચોથનો તહેવાર ધામધૂમથી ઉજવાશે. ગાંધીનગરમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવા ચોથ નિમિત્તે પરિણિતા મહિલાઓ દ્વારા તેમના પતિના લાંબા આયુષ્ય અને તંદુરસ્તી માટે ઈશ્વર પાસે મંગળ કામના કરવા અને વ્રતની પૂજા કરવા માટે સે-૨-એમાં સ્વામિનારાયણ મંદિર પાસે પ્લોટ નં. ૭/૨ ખાતે ભૂમિ કે. જોગાણીના નિવાસસ્થાને સાંજે ૪.૩૦ કલાકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૧૧ વર્ષથી અત્રે કરવા ચોથ નિમિત્તે આ પૂજા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાતી મહિલાઓ સહિત અનેક પંજાબી અને અન્ય ઉત્તર ભારતીય મહિલાઓ ગાંધીનગર ઉપરાંત અમદાવાદના બોપલથી લઈને બાપુનગર સુધીના વિસ્તારની અહીંયા કરવા ચોથનું વ્રત કરવા આવે છે. આ કાર્યક્રમમાં દર વર્ષે અલગ અલગ થીમ આધારિત આકર્ષક ડેકોરેશન કરવામાં આવે છે અને તમામ મહિલાઓ જેઓ દુલ્હનના પરિધાનમાં સજ્જ થઈને આવે છે તેમને ઈનામો આપીને પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં પ્રસાદ રૂપે મહાદાલ જેને કાલી દાલ પણ કહેવામાં આવે છે તે શ્રધ્ધાળુ મહિલાઓને આપવામાં આવે છે.

ગાંધીનગર અને અમદાવાદમાં વસવાટ કરી રહેલ ઉત્તર ભારતીય નારીઓને કરવા ચોથની પૂજા કયાં કરવી તે પ્રશ્ન સતાવતો હોય છે ત્યારે આ કાર્યક્રમ તેમના માટે આશીર્વાદ રૂપ સાબિત થાય છે. આ કાર્યક્રમ સાંજે ૪.૩૦ વાગે શરૂ કરાય છે જેનું સમાપન સંધ્યા આથમે તે પહેલા કરી દેવામાં આવે છે.

ધ્યાન આપો : સરકારી સિવાયના કર કપાતકર્તાઓ

આપના ડિડક્ટીઝને આશ્વાસન આપો : આપની ટીડીએસ સંબંધી સમયનિષ્ઠાનું પાલન કરો.



કપાત કરો
કાયદા અનુસાર અપેક્ષિત ચુકવી કરતી વખતે જ યોગ્ય ટીડીએસ કાપો.
જો સ્ત્રોત પર કરકપાત નહી હોય / સંગ્રહ ન કરવાથી ન કરાયા વિનાનો કર / સંગ્રહ ન કરેલ કરની રકમ જેટલો જ દંડ આપવો પડશે

જમા કરો
દર મહિને કપાત કરેલ ટીડીએસ આગામી માસની ૭મી તારીખ સુધી જમા કરાવો.
કપાત કરેલ/સંગ્રહ કરેલ કરને જો સરકારી ખાતામાં જમા કરવામાં નહીં આવે તો તે સ્થિતિમાં કાયદાકીય કાર્યવાહી થઈ શકશે.

ઈ-ફાઈલ કરો
૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ થયેલ ત્રિમાસિક ગાળા માટેનું ટીડીએસ વિવરણ ૧૫ ઓક્ટોબર ૨૦૧૪ સુધી ઈ-ફાઈલ કરો
ટીડીએસ વિવરણીને ફાઈલ કરવામાં વિલંબ કરાશે તો આ સ્થિતિમાં ચૂક માટે પ્રત્યેક દિવસ માટે રૂ. ૨૦૦ની રકમ વસુલ કરવામાં આવી શકે છે જે કરકપાત કરવાપાત્ર રકમથી વધુ નહીં હોય.

ડાઉનલોડ કરો
https://www.tdscps.gov.in પરથી ફોર્મ ૧૬-એમાં ટીડીએસ પ્રમાણપત્ર ડાઉનલોડ કરો.
પેન નહીં લખવા પર / ખોટું લખવા પર ટીડીએસ પ્રમાણપત્રને ટ્રેસેસ પોર્ટલથી ડાઉનલોડ નહીં કરી શકાય.

પ્રાપ્ત કરો
૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમાપ્ત ત્રિમાસીક ગાળા માટે વેતન ઉપરાંતની વધારાની આવક પર ફોર્મ ૧૬-એમાં અપાયેલ ટીડીએસ પ્રમાણપત્રને ૩૦ ઓક્ટોબર, ૨૦૧૪ સુધી મેળવી શકાશે.
ટીડીએસ પ્રમાણપત્ર મેળવવામાં જો વિલંબ કરાશે તો ચૂકના પ્રત્યેક દિવસના રૂ. ૧૦૦નો દંડ આપવો પડશે. જે કપાત યોગ્ય રકમથી વધુ નહીં હોય.

સાવધાન
બધા જ કર કપાતકર્તાઓએ https://www.tdscps.gov.in (ટ્રેસેસ પોર્ટલ) પર નોંધણી કરાવવી જરૂરી છે. બધા જ કરકપાતકર્તાઓ યોગ્ય પેન/સિનનો ઉલ્લેશ કરો જેથી તેઓ પોતાને યોગ્ય કર ક્રેડીટ પ્રાપ્ત કરી શકે. વિવરણમાં પેન અથવા ટેન ન ભરવા પર દંડ કરાશે.

કૃપા કરી ધ્યાન આપો
ઘણી વધુ સંખ્યામાં એવા કિસ્સા પ્રાપ્ત થયા છે જેમાં ટીડીએસ કપાત / સંગ્રહના ઉલ્લેખમાં મિસમેચ હોય જેના પરિણામ સ્વરૂપ ડિડક્ટીઝના મામલે કરની માંગ વધે. તમારા કર કપાતકર્તાને અસુવિધાથી બચાવવા યોગ્ય વિગતો ભરવી સુનિશ્ચિત કરો.

જરૂર લખો તમારો પેન અને ટેન

ઈ-ફાઈલ કરો
આપનું યોગ્ય ટીડીએસ વિવરણ
૧૫ ઓક્ટોબર, ૨૦૧૪ સુધી
(૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ પૂર્ણ થયેલ ત્રિમાસિક માટે)

પ્રાપ્ત કરો
વેતનથી વધુ આવક પર ફોર્મ ૧૬-એમાં ટીડીએસ પ્રમાણપત્ર
૩૦ ઓક્ટોબર, ૨૦૧૪ સુધી
(૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે)

davp15401/13/0045/1415

INCOME TAX DEPARTMENT
આવકવેરા વિભાગ
www.incometaxindia.gov.in